# 100 વર્ષ પહેલા જેલમાં ગાંધીજીએ કયા પુસ્તકો વાંચ્યાં હતાં?...



ગાંધીજીના જીવનમાં પુસ્તકોની ભારે અસર રહી છે. આત્મકથામાં તો તેમણે રસ્કીનનાં 'અનટુ ધિસ લાસ્ટ'ની જીવનમાં થયેલી અસર વિશે 'એક પુસ્તકની જાદુઈ અસર'એ નામે આખું પ્રકરણ લખ્યું છે. આ પ્રકરણમાં ગાંધીજી એમ લખે છે કે 'વિદ્યાભ્યાસના કાળમાં પાઠ્યપુસ્તકો બહાર મારું વાચન નહીં જેવું જ ગણાય.'પણ જે પુસ્તકો વાંચ્યા છે તે પુસ્તકોને ઠીક પચાવી શક્યાની વાત તેમણે કહી છે. રસ્કીનના આ પુસ્તકના અસરના પરિણામે જ તેઓ દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ સ્થાપીને આશ્રમજીવન તરફ વળ્યા. પુસ્તકોને લઈને થયેલી અસર બાબતે ગાંધીજીના જીવનમાં આવાં બીજા પણ ઉદાહરણો ટાંકી શકાય, એટલો પ્રભાવ તેમના જીવનમાં પુસ્તકોનો રહ્યો છે.

જીવનનાં અલગ-અલગ તબક્કે ગાંધીજીએ પુસ્તકોનું ખૂબ વાંચન કર્યું છે પણ 1922માં જ્યારે તેમને ભારતમાં પ્રથમવાર રાજદ્રોહના કેસમાં છ વર્ષની જેલ થઈ હતી ત્યારે તેમણે યરવડા જેલમાં એકધારાં ખૂબ પુસ્તકો વાંચ્યા હતા. સામાન્ય રીતે ગાંધીજી રોજબરોજ પત્રો લખતાં, તે પત્રો લખવાનો ક્રમ પણ આ ગાળામાં ખૂબ ઓછો છે. જે નિયમિત પ્રવૃત્તિ તેમની દેખાય છે તે માત્ર વાંચનની. તેમની આ દરમિયાન વાંચનની બધી વિગત ગાંધીજીના લખાણો જે સો ગ્રંથોમાં સચવાયા છે તે 'ગાંધીજીનો અક્ષરદેહ'ના 23માં ક્રમાંકના ગ્રંથમાં સમાવિષ્ટ છે. તેમણે વાંચેલા પુસ્તકોની વિગત ગાંધીજીએ તે દરમિયાન લખેલી જેલડાયરીમાં ટપકાવી છે. ગાંધીજીને 21મી માર્ચના રોજ યરવડા સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા હતા અને જાન્યુઆરી 1924 સુધી તેઓ અહીં કારાવાસમાં રહ્યા. આ દરમિયાન તેમણે ધર્મ, સાહિત્ય, સમાજવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનનાં એકદંરે 150 પુસ્તકો વાંચ્યાં હતાં.

આ જેલડાયરીમાં આરંભે જે પુસ્તકો વાંચ્યા છે તેની વિગતમાં 'માસ્ટર એન્ડ હિઝ ટીચિંગ', 'આર્મ ઓફ ગોડ, ક્રિશ્ચાનિટી ઈન પ્રેક્ટિસ', 'બાય એન અનનોન ડિસપાઈલ', 'સત્યાગ્રહ અને અસહયોગ', 'કુરાન', 'ધ વે ટુ બિગિન લાઈફ', 'ટ્રિપ્સ ટુ ધ મુન', 'ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન', 'રામાયણ'-તુલસીદાસનાં નામ છે. ગાંધીજી અહીં ઝડપથી પુસ્તકો વાંચી રહ્યાં છે. એપ્રિલના મધ્યમાં આ પુસ્તકો વાંચ્યા લીધા છે તેવી નોંધ છે અને તે પછી એપ્રિલના અંતે જે પુસ્તકોના નામ આવે છે તેમાં 'નેચરલ હિસ્ટ્રી ઑફ બર્ડઝ' છે. અહીં જ 'ધ યંગ ક્રૂસેડર'નામનું પુસ્તકેય વાંચ્યું છે. એપ્રિલ હજુ તો પૂરો થતો નથી ત્યાં સુધી તેઓ 'સ્કોટલેન્ડના ઈતિહાસ'નું પ્રથમ પુસ્તક અને 'બાઈબલ વ્યૂ ઓફ વર્લ્ડ'જે રેવ.લોરેન્સનું પુસ્તક છે તે પણ વાંચી લે છે.

આ પુસ્તકોના નામ પરથી જોઈ શકાય છે કે ગાંધીજીએ તમામ ક્ષેત્રના પુસ્તકો વાંચી રહ્યા છે. જોકે, ડાયરીમાં પુસ્તકોનાં નામ ગાંધીજીએ એમ જ ટપકાવી દીધા છે. કેટલીક જગ્યાએ તેનું પૂરું નામ નથી લખ્યું અને લેખકોના પણ નામ નથી. ગાંધીજીએ જે પુસ્તકો લખ્યાં છે તે ખરેખર કયા છે તે વિશે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'બિબલીઓગ્રાફી ઓફ બુક્સ રીડ બાય મહાત્મા ગાંધી'નામે સંશોધન થયું છે. આ યાદી બનાવવામાં ત્રણ વ્યક્તિઓએ જહેમત લીધી છે. તેમનાં નામ છે ગૂજરાત વિદ્યાપીઠ લાઈબ્રેરી વિભાગમાંથી નિવૃત્ત થયેલાં કિરીટ કે.ભાવસાર અને ગૂજરાત વિદ્યાપીઠ લાઈબ્રેરી વિભાગના પૂર્ણિમા ઉપાધ્યાયનું. આ ઉપરાંત માર્ક લીન્ડલે પણ આ કાર્ય સાથે સંકળાયેલાં હતાં. માર્ક લિન્ડલેએ આધુનિક ભારતનો ઈતિહાસ લખી ચૂક્યા છે. આ ત્રણેય સંશોધકોએ મળીને ગાંધીજીએ જે પુસ્તકોના નામો ટૂંકમાં લખેલા છે તે પુસ્તકોના પૂરાં નામ, લેખક સાથે લખ્યાં છે. 'ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ'નામનું પુસ્તક ગાંધીજીએ વાંચ્યું એમ લખ્યું છે અને તેની સાથે લેખકનું નામ માત્ર 'ઠાકોર'એમ લખ્યું છે. પરંતુ બિબલીઓગ્રાફીનું કાર્ય કરનારાં આ સંશોધકોએ તે પુસ્તકનું પૂરું નામ લખ્યું છે. આ પુસ્તકનું નામ છે : 'ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન ટુ ધ ડાઉન ઓફ રિસ્પોન્સિબલ ગવર્નમેન્ટ'. અને તેના લેખક છે બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. 'બી. કે. ઠાકોર'થી ઓળખાતાં બળવંતરાયની ઓળખ સાહિત્યકાર તરીકેની છે, પરંતુ તેમણે ભારતીય વહિવટ પર પણ પુસ્તક લખેલું છે, જે તેમનું માઈલસ્ટોન કાર્ય કહેવાય છે. એ જ રીતે 22 એપ્રિલ 1922ના રોજ ગાંધીજી 'નેચરલ હિસ્ટરી ઓફ બર્ડ્ઝ'નામનું પુસ્તક વાંચ્યાનો ઉલ્લેખ ડાયરીમાં કરે છે. પરંતુ 'બિબલીઓગ્રાફી...'માં સંશોધકોએ તે પુસ્તક મહંદશે જે હોવું જોઈએ તેનું નામ આ રીતે લખ્યું છે : 'ધ બર્ડ્ઝ ઓફ ઈન્ડિયા-બિઈંગ અ નેચરલ હિસ્ટરી ઓફ ઓલ ધ બર્ડ્ઝ નોન ટુ ઈનહેબિટ કોન્ટિનેટલ ઈન્ડિયા'. અને આ પુસ્તકના લેખક છે થોમસ ક્લેવરહિલ જેર્સન. ગાંધીજીએ જે નામ લખ્યું છે તેમાં એવું જરા સરખો પણ ખ્યાલ નથી આવતો કે ખરેખર આ પુસ્તક કયું છે. 'બિબલીઓગ્રાફી ઓફ બુક્સ રીડ બાય મહાત્મા ગાંધી'ના કારણે જ તે પુસ્તકોના નામ જાણી શકાય છે.
















**ઈન સાઈડ આઉટ સાઈડ**
કિરણ કાપૂરે

મે મહિનામાં ગાંધીજીના વાંચનમાં જે પુસ્તકો આવે છે તેમાં ફેરરનું 'સીકર્સ ઓફ ગોડ', 'મિસરકુમારી'પુસ્તક, 'સ્ટોરીઝ ફ્રોમ ધ હિસ્ટરી ઓફ રોમ', 'ટોમ બ્રાઉન્સ સ્કૂલ ડેઝ', બેકનનું 'ધ વિઝડમ ઓફ ધ એન્શિઅન્ટ્સ', હિંદુસ્તાનનો ઈતિહાસ મોગલ વંશ સુધી, મોરિસનું વ્યાકરણ, 'ચંદ્રકાંત', 'વાલ્મિકી રામાયણ'અને કિપલિંગનું 'ફાઈવ નેશન્સ'નામનાં પુસ્તકો છે. ફેરરનું પૂરું નામ છે ફેડરિક વિલિયમ ફેરર છે અને 'સીકર્સ ઓફ ગોડ'ખાસ્સું જાણીતું પુસ્તક છે. આ પુસ્તક આજે અનેક ડિજિટલ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. જોકે, તે સમયના આ જાણીતાં પુસ્તકો ઈન્ટરનેટ પણ મળે છે પણ તેના કન્ટેન્ટ વિશેની કોઈ નોંધ નથી મળતી.

આ યાદીમાં બીજું એક જાણીતું પુસ્તક છે તે 'ટોમ બ્રાઉન્સ સ્કૂલ ડે'. આ નવલકથાના લેખક છે થોમસ હગીસ. શાળાના દિવસોની વાતો આ પુસ્તકમાં લેખકે વર્ણવી છે. આ પુસ્તક ઈંગ્લેન્ડમાં 1957ના અરસામાં પ્રકાશિત થયું હતું અને તે ખૂબ જાણીતું બન્યું હતું. ગાંધીજી આ નવલકથામાંથી તેમાંથી થોડો હિસ્સો પણ ડાયરીમાં ટપકાવે છે. પુસ્તકોમાંથી જે મળ્યું તે આચરણરૂપે લેવું તે ગાંધીજીનો જીવનમંત્ર રહ્યો છે તેથી અહીંયા પણ તેઓ પુસ્તકમાંથી એવો જ હિસ્સો ટપકાવે છે. : "પોતાને જે અવશ્ય સત્ય લાગે તેનાથી પાછા હઠવાને બદલે જેઓ દ્વેષ, ઉપહાસ અને ગાળોને પસંદ ન કરે તેનું નામ ગુલામ. બે કે ત્રણ જણના સાથમાં પણ જેઓ સત્યનો પક્ષ કરવાની હિંમત ન કરે તે જ ગુલામ"અને બીજો હિસ્સો જે ટાંકે છે તે "ક્રાઈસ્ટના પવિત્ર ભોજનની ક્રિયા કરવી એટલે જે તંગીમાં હોય તેને માત્ર કંઈ આપવું એમ નહીં પણ આપણી પાસે જે હોય તેમાંથી તેમને ભાગ પાડી આપવો. દાતાના ભાવ વિના દાન વ્યર્થ છે. દાન સાથે જે પોતાનું તન, મન પણ આપે છે તે ત્રણ જણને પોષે છે. પોતાને, પાડોશીને અને મને." સામાન્ય રીતે આ ગાળામાં ગાંધીજીએ પુસ્તકો વિશે જ લખ્યું છે. તેની અંદરની વિગતો ભાગ્યે જ લખી છે. પણ અહીંયા તેમને આ પુસ્તકમાંથી જે હિસ્સો સારો લાગ્યો તે તેમણે ડાયરીમાં ટાંક્યો છે. મે મહિનામાં વાંચેલુ એક અન્ય પુસ્તક છે તે ફ્રાન્સિસ બેકોન્સનું 'ધ વિઝડમ ઓફ એન્શિયન્ટ'. આ પુસ્તક ઈ.સ. 1609માં પ્રકાશિત થયું હતું. મતલબ કે ગાંધીજીએ વાંચ્યુ હતુ ત્યારે પણ તેને પ્રકાશિત થયે ત્રણ સદી વીતી ચૂકી હતી. આ પુસ્તકના લેખક ફ્રાન્સિસ બેકોન ઈંગ્લેન્ડના એટરની જનરલ રહી ચૂક્યા છે. તેમનું સાહિત્યિક કાર્ય તર્કબદ્ધ વિચાર માટે જાણીતું છે અને યુરોપમાં 'સાયન્સ રિવોલ્યુશન'ના સમયમાં તેમનું આ સાહિત્યિક કાર્ય તે યુગના લોકો માટે અસર ઊભું કરતું રહ્યું. તેમનું ઈતિહાસ, કવિતા અને ફિલસૂફીમાં નોંધપાત્ર કાર્ય છે. આ યાદીમાંનું એક પુસ્તક રુડયાર્ડ કિપલિંગનું 'ધ ફાઈવ નેશન્સ'છે. આ પુસ્તક કવિતાનો સંગ્રહ છે અને 1903માં તે પ્રકાશિત થયું હતું. જોકે તેની ખ્યાતિ એટલી પ્રસરી હતી જેથી ગાંધીજીએ આ પુસ્તક વાંચવા લીધેલું હોવું જોઈએ. આગળ જૂન મહિનામાં જે વાંચેલા પુસ્તકોની યાદી આવે છે તેમાં એડવર્ડ બેલમીનું 'ઈક્વાલિટી', ડેવિસનું 'ગ્રીસમાં સેન્ટ પોલ', 'જેકિલ એન્ડ હાઈડ', લોર્ડ રોઝબરીનું 'પિટ', કિપલિંગનું 'સેકન્ડ જંગલ બુક', 'ફાઉસ્ટ', જોન હાવર્ડનું જીવનવૃત્તાંત, વાલ્મિકી રામાયણ, જુલે વર્નનું 'ડ્રોપ્ડ ફ્રોમ ધ ક્લાઉડ્ઝ'છે. શબ્દ મર્યાદાના કારણે અહીં વધુ નોંધ નહીં કરી શકાય, પણ જેઓને ગાંધીજીએ કયા પુસ્તકો વાંચ્યા છે તેમાં રસ હોય તો તેમણે 'બિબલીઓગ્રાફી ઓફ બુક્સ રીડ બાય મહાત્મા ગાંધી'જોવી જોઈએ. ઈન્ટરનેટ પર તે ઉપલબ્ધ છે.

**શબ્દમર્યાદાના કારણે અહીં વધુ નોંધ નહીં કરી શકાય પણ જેઓને ગાંધીજીએ કયા પુસ્તકો વાંચ્યા છે તેમાં રસ હોય તો તેમણે 'બિબલીઓગ્રાફી ઓફ બુક્સ રીડ બાય મહાત્મા ગાંધી' જોવી જોઈએ. ઈન્ટરનેટ પર તે ઉપલબ્ધ છે**



# સની દેઓલની 'ચૂપ' નું રેટિંગ દુલકર સલમાનને લીધે વધ્યું!

સની દેઓલ વર્ષો પછી એક દમદાર ભૂમિકામાં પુનરાગમન કરી રહ્યો હોવાથી નિર્દેશક આર. બાલ્કીની 'ચૂપઃ રિવેન્જ ઓફ ધ આર્ટીસ્ટ' ની વધારે ચર્ચા હતી પરંતુ એમાં દુલકર સલમાને ખરો રંગ રાખ્યો છે. તે પોતાના અભિનયથી સમીક્ષકોની સૌથી વધુ પ્રશંસા મેળવી ગયો છે અને એમને રેટિંગમાં આપવાના હતા તેનાથી એક 'સ્ટાર' વધારે આપવા મજબૂર કર્યા છે. લગભગ બધાંએ ફિલ્મને 2 થી 4 સ્ટાર આપ્યા છે. આ ભૂમિકા બીજો કોઈ કલાકાર આટલી સહજતાથી કદાચ જ કરી શક્યો હોત. થોડા સમય પહેલાં 'સીતારામમ' માં તે પ્રભાવિત કરી ગયો હતો. એમ કહેવાયું છે કે જો તમે કંઇ સારું જોવા માગતા હો તો દુલકરની બધી જ ફિલ્મો જોઇ નાખો. સનીએ ઉંમર મુજબની દમદાર ભૂમિકાથી પ્રભાવિત કર્યા છે. એ પોલીસની ભૂમિકામાં બરાબર જચે છે. શ્રેયા ધન્વંતરીએ પોતાના પત્રકારના પાત્રને સટીક રીતે નિભાવ્યું છે. પૂજા ભટ્ટ બીજા ભાગમાં આવે છે છતાં પોતાના અભિનયથી- ભૂમિકાથી નિરાશ કરતી નથી. અમિતાભની ખાસ ભૂમિકા યાદગાર બની રહેશે. તો શ્રેયાની મા તરીકે સરન્યા પોનવન્નનનું કામ અદભુત છે. આર. બાલ્કીએ દરેક પાત્રમાં કલાકારની વરણી બહુ યોગ્ય રીતે કરી છે.

'ચૂપ' માં જે બતાવાયું છે એ બોલિવૂડમાં ક્યારેય જોવા મળ્યું નથી. ફિલ્મો માટે રેટિંગ આપવાને કારણે કોઈને મારી નાખવાનો વિચાર ખતરનાક છે. સિનેમાના ઈતિહાસમાં પહેલી વખત ફિલ્મોની રેટિંગ આપતા સમીક્ષકોને કેન્દ્રમાં રાખીને કોઇ ફિલ્મ બની છે ત્યારે એને 5માંથી કેટલા સ્ટાર મળ્યા એ જાણવાની દર્શકોને ઉત્સુક્તા જરૂર હતી. એ વાત અલગ છે કે આજના દર્શકો એટલા પરિપકવ થઇ ગયા છે કે કોના ફિલ્મ રીવ્યૂ સાચા છે કે ખોટા એ સમજી જાય છે. સમીક્ષક કોમલ નાહટાનું તો કહેવું છે કે આ પ્રકારની વાર્તાને પચાવવાનું મુશ્કેલ છે. કોઈ માણસ ગુસ્સામાં સમીક્ષકની હત્યા કરવા પર ઊતરી આવે એ વાત ગળે ઊતરે એવી નથી. સીરિયલ કિલર એવું વિચારે છે કે ફિલ્મ સમીક્ષાઓ વાંચીને દર્શકો પર અસર થાય છે પણ એવો કોઈ સમીક્ષક નથી જે ફિલ્મના ભવિષ્યને બદલી શકે. ફિલ્મની વાર્તાનો પાયો જ ખોટો છે. ફિલ્મમાં એક જગ્યાએ સીરિયલ કિલરને કારણે પોલીસ સમીક્ષકોને થોડા સમય માટે રીવ્યૂ ન કરવાનું કહે છે ત્યારે એ વાતનો વિરોધ થાય છે પણ પછી એવું આવે કે સમીક્ષકો પોલીસને કહે છે કે જ્યાં સુધી અમારી સલામતીની વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી રીવ્યૂ લખીશું નહીં. એ વાત અટપટી લાગે છે. સિનેમા દિવસની ઉજવણીને કારણે રૂ.75 માં ફિલ્મ જોવાની તક હતી એટલે 4 લાખ ટિકિટ વેચાઇ હતી અને શુક્રવારે રૂ.3 કરોડનું ઓપનિંગ મળી શક્યું હતું. એ પછી બોક્સઓફિસ પર શોર મચાવી શકી નહીં. બીજા દિવસે રૂ.2 કરોડ મળ્યા. એ પરથી એવો અર્થ પણ નીકળે છે કે જો ટિકિટોના ભાવ ઓછા રાખવામાં આવે તો દર્શકો થિયેટરોમાં વધુ જઇ શકે છે એટલે 'ચૂપ' ના જ નહીં 'બ્રહ્માસ્ત્ર- પાર્ટ 1: શિવા' ના ભાવ 26 થી 29 સપ્ટેમ્બર સુધી રૂ.100 કરવામાં આવ્યા. લોકોને થિયેટરો તરફ ખેંચવા આવા ઉપાયો જરૂરી બન્યા છે. ફિલ્મમાં હિંસાના દ્રશ્યો વધારે હોવાથી 'A' સર્ટિફિકેટ મળ્યું હતું. હત્યાનાં કેટલાંક દ્રશ્યો તો પુખ્ત લોકો પણ જોઇ ના શકે એટલા ડરામણાં છે અને ક્લાસ દર્શકો માટેની ગણાઇ હોવાથી પારિવારિક દર્શકો મળ્યા નથી. સમીક્ષકોએ આર. બાલ્કીના નવા વિષય પર ફિલ્મ બનાવવાના પ્રયાસને બિરદાવ્યો છે પણ એમણે કેટલીક બાબતોની અવગણના કરી હોવાનો અફસોસ વ્યક્ત કર્યો છે. મહાન ફિલ્મકાર ગુરુદત્તને શ્રધ્ધાંજલિ આપવા ફિલ્મ બનાવી હોવા છતાં એમની 'કાગઝ કે ફૂલ' છેલ્લી હતી અને મોત એની નિષ્ફળતાને કારણે થયું હોવાની ખોટી માહિતી રજૂ કરી છે. 'કાગઝ કે ફૂલ' સમીક્ષકોએ જ નહીં દર્શકોએ પણ નકારી કાઢી હતી. લેખકે સરખું સંશોધન કર્યું નથી. પૂજા ભટ્ટના પાત્રના માધ્યમથી કેટલાક સંવાદમાં હિંસાને ન્યાયી ગણાવી હોવાથી ટીકા થઇ છે. બહુ જલદી કિલર ઓળખાઇ જતો હોવાથી સસ્પેન્સ બનતું અટકી જાય છે. જો કે, ઈન્ટરવલ પહેલાં જ રહસ્ય ખૂલી જાય છે છતાં દિલચશ્પી બની રહે છે. ફિલ્મનો સૌથી મોટો માઈનસ પોઈન્ટ એ જ છે કે આર. બાલ્કીએ ઈન્ડસ્ટ્રીની પોલ ખોલવાનું ટાળીને સલામત રીતે વાત કહી છે અને ક્લાઈમેક્સને ઉતાવળમાં બરાબર ફિલ્માવ્યો નથી. એમ જરૂર થશે કે હજુ વધુ સારો બનાવી શકાયો હોત. ક્લાઈમેક્સમાં રહસ્ય ખોલવા જેવું કંઇ રહ્યું જ નથી. દર્શકને કિલરની ખબર પડી ગઇ હોય છે. એમણે પોલીસને ખબર પડે એની રાહ જોવાની હોય છે! એ લેખનની ખામી જ કહેવાય. આર. બાલ્કીએ અગાઉ પા, શમિતાભ, ઈંગ્લીશ વિંગ્લીશ, પેડમેન, મિશન મંગલ જેવી 'જરા હટકે' ફિલ્મો બનાવી હોવાથી ટ્રેલર પછી દર્શકોની ઉત્સુક્તા વધી ગઇ હતી. તે એક નિર્દેશક તરીકે જરા પણ નિરાશ કરતા નથી. હલ્કાફુલ્કા પ્રસંગો અને સંવાદ પણ છે. ફિલ્મમાં ગુરુદત્તની ફિલ્મનાં ગીતો યોગ્ય જગ્યાએ મૂકવામાં આવ્યા છે. રેટ્રો સિનેમાના ચાહકો અને ખાસ કરીને ગુરુદત્તના પ્રશંસકોએ આ ફિલ્મ જોવા જેવી છે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

**ઓટોગ્રાફ !**

**ફિલ્મ 'ચૂપઃ રિવેન્જ ઓફ ધ આર્ટીસ્ટ'નો પ્રીમિયર શો જોયા પછી સમીક્ષકોએ મજાકમાં એકબીજાને કહ્યું હતું કે, 'ભાઇ સમજીને સ્ટાર આપજો. એકાદ ઓછો આપશો તો તમારી ખેર નહીં રહે!!'**

# પાત્રો બદલાતાં રહેશે પણ માંકડિંગ પરની ચર્ચાનો અંત કદી નહીં આવે




લોર્ડસના ઐતિહાસિક ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ભારતીય મહિલા અને ઈંગ્લેન્ડની મહિલા ટીમ વચ્ચેની વન ડે સીરિઝની અંતિમ મેચ બધી રીતે યાદગાર મેચ હતી, ખાસ તો એ મેચ ભારતની ઝડપી બોલર ઝુલન ગોસ્વામી માટે સૌથી મહત્ત્વની હતી. ઝુલન ગોસ્વામી તેની કારકિર્દીની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી રહી હતી અને લોર્ડ્સ પરથી છેલ્લી મેચ રમીને ક્રિકેટમાંથી નિવૃત્ત થનારી તે વિશ્વના કેટલાક ગણતરીના ક્રિકેટર્સમાંથી એક હતી. સર્વત્ર તેની ચર્ચા હતી. મેચની શરૂઆત પહેલાં અને મેચનો છેલ્લો બોલ ફેંકવામાં આવ્યો ત્યાં સુધી બધે માત્ર ઝુલનની જ ચર્ચા હતી. પરંતુ છેલ્લો બોલ ફેંક્યા બાદ લાઈમલાઈટ ઝુલનના બદલે ભારતીય સ્પિનર દીપ્તિ શર્મા પર આવી ગઇ અને તે ચર્ચાના કેન્દ્રમાં આવી ગઇ હતી. ભારતીય ટીમ માટે મેચ કટોકટીની સ્થિતિમાં હતી ત્યારે બોલ ફેંકવામાં આવે તે પહેલાં ચાર્લોટ ડીન રન ચોરી લેવા માટે ક્રિઝની બહાર નીકળી ગઇ હતી અને દીપ્તિએ બોલ ફેંકવાને બદલે તેને રનઆઉટ કરી હતી, ક્રિકેટની ભાષામાં તેને માંકડિંગ કહેવામાં આવે છે. દીપ્તિએ બેલ્સ ખેરવીને અપીલ કરતા થર્ડ અમ્પાયરે ડીનને રન આઉટ જાહેર કરી અને તેની સાથે જ ચાર્લોટ ડીનની આંખોમાં આંસુ તરવા માંડ્યા. ચાર્લોટ ડીનના આંખમાં ઝળઝળિયાં જોઇને બધાને તેના પ્રત્યે લાગણી ઉમટી હોય તેમ કેટલાક માજી ક્રિકેટરોએ જેમાં મોટાભાગે ઈંગ્લેન્ડના જ ક્રિકેટર હતા તેમણે દીપ્તિને રમતની સ્પિરિટની દુહાઈ આપવા માંડી. તેમનામાંથી કોઈએ પણ રમતની સ્પિરિટના કોઇ પાઠ ચાર્લોટ ડીનને પઢાવવાની જરૂર ન લાગી.

ભારતીય મહિલા ટીમની એ જીતને ખેલદિલીની ખોટ ગણાવતા સંદેશાઓથી સોશ્યલ મીડિયા છલકાઈ ગયું હતું. મેચમાં કોમેન્ટ્રી કરી રહેલા પૂર્વ ઈંગ્લિશ કેપ્ટન નાસિર હુસૈને દીપ્તિની આ ક્રિયા પર નિરાશા વ્યક્ત કરી હતી. સ્ટુઅર્ટ બ્રોડે સોશ્યલ મીડિયા પર કહ્યું કે તે ક્યારેય આવી રીતે મેચ જીતવા નહીં માગે. ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમના ચાહકોની કંપની 'બાર્મી આર્મી'એ કહ્યું હતું કે, 'તે કાયદેસર હોઈ શકે છે, પરંતુ તે ક્રિકેટ નથી' જો કે જ્યારે આ જ ઈંગ્લેન્ડની પુરુષ ટીમ વર્લ્ડકપની ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામેની મેચ ટાઇ થયા પછી સુપર ઓવર પણ ટાઈ થઇ ત્યારે બાઉન્ડરીની ગણતરીવાળા નિયમથી વન ડે વર્લ્ડકપમાં પહેલી વાર ચેમ્પિયન બની ત્યારે આ લોકોને નિયમમાં કોઈ ખામી દેખાઈ નહોતી. ચાર્લોટ ડીન ભાંગી પડી તે વાજબી હોઈ શકે છે. જીતની ઉંબરે પહોંચ્યા બાદ પણ ટીમને જીત અપાવી ન શકવાના દર્દથી તે ભાંગી પડી હતી. ડીન લાગણીમાં ડૂબી ગઇ અને અંગ્રેજો લાગણીસભર બની ગયા. તેમણે જાણીજોઈને ક્રિકેટમાં અહીં નીચે આપવામાં આવેલી બાબતોની અવગણના કરી હતી.

- ક્રિકેટનું સંચાલન કરતી સંસ્થા ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) અને રમતના નિયમ બનાવતી સંસ્થા MCC (મેરીલેબોન ક્રિકેટ ક્લબ) એ આના ઉકેલ માટે જ નવા નિયમો ઘડ્યા છે. ICCના નિયમ 41.16.1 મુજબ, જો બોલ રમતમાં આવે તે પછી નોન-સ્ટ્રાઈકર ક્રિઝની બહાર નીકળે, તો બોલર તેને રન આઉટ કરી શકે છે.

- બોલ રમતમાં ક્યારથી આવે છે તે સમજાવવા માટેનો પણ એક નિયમ છે, જે કહે છે,

'બોલર બોલ સાથે દોડવાનું શરૂ કરે કે તરત જ રમત શરૂ થાય છે. આ દરમિયાન, જો કોઈ ફિલ્ડર તેની સ્થિતિ બદલે છે અથવા જો તે જાણી જોઈને આગળ વધે છે, તો અમ્પાયરને તે ટીમ પર 5 રનનો દંડ લગાવવાનો અધિકાર છે.- રહી વાત ખેલદિલી અને નૈતિકતાની તો, માજી ભારતીય ક્રિકેટર અને પ્રખ્યાત કોમેન્ટેટર આકાશ ચોપરાએ કહ્યું હતું કે જો કોઈ પણ બેટર સામે અપીલ કરે છે અને અપીલ નકારી કાઢ્યા પછી પણ DRS ઉપલબ્ધ હોવા છતાં તેનો ઉપયોગ કરતું નથી, તેને આમાં નૈતિકતાની દુહાઈ આપવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

જે રીતે દીપ્તિએ ડીનને રન આઉટ કરી તેને ભારતના માજી સ્પિનર વિનુ માંકડના નામે માંકડિંગ કહેવાય છે. આ પહેલાં વન-ડે ઈન્ટરનેશનલમાં 4 વખત માંકડિંગનો મામલો સામે આવ્યો હતો પરંતુ મહિલા ક્રિકેટમાં આ રીતે કોઈ ખેલાડીને આઉટ કરવામાં આવી હોય તેવી આ પહેલી ઘટના છે. ક્રિકેટરો અને નિષ્ણાતો હંમેશાં માંકડિંગને લઈને બે ભાગમાં વહેંચાયેલા લાગે છે. એક પક્ષને માંકડિંગમાં કંઈ ખોટું દેખાતું નથી, જ્યારે બીજો કહે છે કે તે ખોટું છે. હા, કોણ ક્યારે કયા પક્ષે ઊભું રહેશે, તે તે સમયની પરિસ્થિતિ નક્કી કરે છે. આ ચર્ચા 1947-48 થી ચાલી રહી છે જ્યારે ભારતીય સ્પિનર વિનુ માંકડે પ્રથમ વખત બેટ્સમેનને આ રીતે આઉટ કર્યો હતો. MCC એ નિયમોના પુસ્તકમાં માંકડિંગને રન આઉટ તરીકે વર્ગીકૃત કરીને આ ચર્ચાનો અંત આણ્યો અને સ્પષ્ટ કર્યું કે તે અનૈતિક નથી. MCCએ એક નિવેદન બહાર પાડીને પણ કહ્યું હતું કે ડીનને રન આઉટ કરાઈ તે વાજબી હતું.

નિયમો અને MCCની સફાઈ છતાં ફરી એક વાર આ રન આઉટની ચર્ચાએ એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે આ ચર્ચા હાલ સમાપ્ત થવાની નથી. તે સતત ચાલતી રહેવાની છે અને જો તેમાં કંઇ બદલાશે તો માત્ર પાત્રો બદલાતા રહેશે.

**મેચ કટોકટીની સ્થિતિમાં હોય અને જ્યારે એક એક રન મહત્વનો હોય ત્યારે બોલર બોલ નાંખવા માટે પોતાની રનીંગ એક્શન સાથે ક્રિઝની પાસે આવી જાય અને તે સમયે નોન સ્ટ્રાઇકર છેડે ઊભેલો બેટર પોતાની ક્રિઝ છોડીને રન લેવાની પેરવીમાં આવી જાય ત્યારે બોલર તેને રનઆઉટ કરે તો હરીફ ટીમના ખેલાડીઓ નૈતિકતાની વાતો કરવા માંડે છે પણ તેઓ પોતાના બેટરને નૈતિકતાના એ પાઠ નથી ભણાવતા કે તું તારી ક્રિઝ છોડીને ચાલવા ન માંડ. દીપ્તિ શર્માએ ચાર્લોટ ડીનને રનઆઉટ કરી તે પછીથી માંકડિંગને લઇને શરૂ થયેલી ચર્ચા હજુ પણ શાંત થવાનું નામ નથી લેતી અને રોજ કોઇ ને કોઇ ખેલાડી એ મામલે પોતાનો મત વ્યક્ત કરે છે**

**ખેલખેલમેં**